સત્યમેવ જયતે

કેસ દાખલ તારીખ :– ૧૮/૦૭/૨૦૧૯.
કેસ રજી.થયા તારીખ :– ૧૮/૦૭/૨૦૧૯.
ફેસલ કર્યા તારીખ :– ૦૧/૧૦/૨૦૨૧.
સમયગાળો :– ૨ વર્ષ – ૨ માસ – ૧૩ દિવસ.

*અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ,*
*નંબર–૧૨માં, મુ.અમદાવાદ.*

**ક્રિમીનલ કેસ નં.૬૩૬૫૩/૨૦૧૯.**
**આંકઃ– ૧૪.**

ફરીયાદીઃ– **શ્રી સરકાર.**

**વિરુઘ્ધ.**

આરોપીઃ– **(૧) ઈલીયાસ મોહમ્મદ શરીફ કુકડાજીવાલા, ઉ.વ.૪૬.**
**(૨) ઐયુબભાઈ મોહમ્મદ શરીફ કુકડાજીવાલા, ઉ.વ.૪૮.**
રહે.બંને.૭૨૯, ચામડીયાવાસ, ત્રિકમજી મંદીર પાસે,
જમાલપુર, અમદાવાદ શહેર.

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી આર.એચ.જુરાણી.
આરોપી તર્ફે વિ.વ.શ્રી.એમ.એ.વડનગરવાલા.

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

ગુનોઃ– ઈ.પી.કો.કલમ– ૪૫૨, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબ...

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

***–: જજમેન્ટ :–***

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

(૧). ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરે મ.નં.૩૮૨૮, બીજો માળ, આસ્ટોડીયા ચકલા, ટેકરાવાળી મસ્જીદ, કાજીના ધાબા, આસ્ટોડીયા, અમદાવાદ શહેર ખાતે આવી તા.૧૨/૦૩/૨૦૧૯ ના રાતના કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે ધાક ધમકી આપી, ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાંખવાની ધાક

ધમકી આપી, ઘરમાં તોડફોડ કરી, એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો.કલમ–૪૫૨, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે. તે બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨). આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વિના મૂલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૨ થી આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. તેમજ આંક–૩ અને આંક–૪ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેઓને ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) . ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

| **(એ) મૌખિક પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદી રફીકભાઈ અહેમદભાઈ પાલીવાલાની જુબાની | ૦૯ |

| **(બી) દસ્તાવેજી પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૧ |

(૪). ફરીયાદપક્ષ તરફથી એ.પી.પી.શ્રી ધ્વારા આંક–૧૨ થી કલોઝીગ પુરસીસ રજુ કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. સદર કામે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રજુ થયેલ ન હોય, આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

બંને પક્ષકારોના વિ.વ.શ્રી.ની મૌખિક દલીલો સાંભળી.

(૫). ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુ દ્દા :–**

(૧). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરે મ.નં.૩૮૨૮, બીજો માળ, આસ્ટોડીયા ચકલા, ટેકરાવાળી મસ્જીદ, કાજીના ધાબા, આસ્ટોડીયા, અમદાવાદ શહેર ખાતે આવી તા.૧૨/૦૩/૨૦૧૯ ના રાતના કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે ધાક ધમકી આપી, ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાંખવાની ધાક ધમકી આપી, ઘરમાં તોડફોડ કરી, એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો.કલમ–૪૫૨, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬). ઉપરોકત મુદ્દાના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## –: ન્યાય નિર્ણય માટેનાં કારણો :–

**મુદ્દા નં.૧:–**

ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૪૫૨, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો ગુનો વ્યાજબી શંકા રહિત પુરવાર કરવાનો હોય છે. જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષનાં શીરે રહેલો હોય છે. તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાંકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઉપર પહોંચવાનું રહે છે.

(૭). ફરીયાદપક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારુ આંક–૦૯ થી ફરીયાદી રફીકભાઈ

અહેમદભાઈ પાલીવાલાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૧૯ની સાલમાં બનેલો. બનાવ વખતે તેઓ કાપડ લે વેચનો ધંધો કરતા હતા. તેઓની દીકરી ફીરદોસના લગ્ન વખતે આરોપીઓ પાસેથી મંડપ બાંધવા માટેનું કામ આપેલુ અને લગ્ન બાદ નકકી કરેલ રૂપિયા આપી દીધેલ. તેમ છતાં આરોપીઓ તેઓની પાસે બાકી રૂપિયાની ઉઘરાણી કરતા હોય તે બાબતે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશું બનેલુ નહી. આ બોલચાલ બાબતની તેઓએ ગાયકવાડ હવેલી પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. જે અસલ ફરીયાદ તેઓને બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ આંક–૧૦ થી રજુ છે. ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીનાઓએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે.

સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હિસાબ બાબતે બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલુ નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ કોઈ જાનથી મારી નાંખવાની ધમકી પણ આપેલ નથી કે ગાળો પણ આપેલ નથી. તેમજ તેઓને રાજીખુશીથી આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે તેમ કબુલ રાખે છે.

(૮). આરોપી પક્ષ ધ્વારા ગુનાવાળી જગ્યાના પંચનામાને આંક આપવા સામે વાંધો ન હોય હાલના કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક–૧૧ થી રજુ થયેલ છે.

(૯). ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલા પ્રસ્તુત પુરાવાની ચર્ચા કરીએ તો, આ કામે ફરીયાદપક્ષે આંક–૧૨ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવતા ફરીયાદપક્ષ તરફથી અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો, બનાવ ૨૦૧૯ની સાલમાં બનેલ અને ફરીયાદીની દીકરી ફીરદોસના લગ્નનો મંડપ બાંધવા માટેનું કામ આરોપીઓને આપેલ અને તેના નકકી કરેલ રૂપિયા ફરીયાદીએ આરોપીઓને આપી દીધેલા તેમ છતાં આરોપીઓ ફરીયાદી પાસે બાકી રૂપિયાની ઉઘરાણી કરતા હોય તે બાબતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશું બનેલુ નહી હોવાનો પુરાવો આપેલ છે. આમ, ફરીયાદી તેમની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થન આપતા નથી અને ફરીયાદ હકીકતને નકારે છે અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. તેથી ફરીયાદ હકીકત ખુદ ફરીયાદીની જુબાનીથી શંકારહિત પુરવાર થવા પામેલ નથી. ત્યારબાદ ફરીયાદીની બચાવપક્ષની ઉલટતપાસ

ધ્યાને લેવામાં આવે તો, તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હીસાબ બાબતે બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશું બનેલ નહી તેમજ આરોપીઓએ તેઓને કોઈ જાનથી મારી નાંખવાની ધમકી કે ગાળો આપેલ નહી હોવાનું જણાવેલ છે. જેથી ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસને મદદરુપ થતો નથી.

(૧૦). વધુમાં આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ બચાવ પક્ષની સંમતિથી રજુ થયેલ છે. પરંતુ આ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવા થકી સમર્થન પ્રાપ્ત થયેલ ન હોઈ તેના પર આધાર રાખી શકાય તેમ નથી.

(૧૧). આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાથી આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરે મ.નં.૩૮૨૮, બીજો માળ, આસ્ટોડીયા ચકલા, ટેકરાવાળી મસ્જીદ, કાજીના ધાબા, આસ્ટોડીયા, અમદાવાદ શહેર ખાતે આવી તા.૧૨/૦૩/૨૦૧૯ના રાતના કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે ધાક ધમકી આપી, ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાંખવાની ધાક ધમકી આપી, ઘરમાં તોડફોડ કરી, એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો.કલમ–૪૫૨, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. જેથી આ કામના આરોપીઓ સામે મુકવામાં આવેલ આરોપ અંગેની હકીકતો પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં આ કામના આરોપીઓને સદર ગુના હેઠળ કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર' માં આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –: આ ખ રી હુ ક મ :–

(૧) આ કામના આરોપી **નં.(૧) ઈલીયાસ મોહમ્મદ શરીફ કુકડાજીવાલા, ઉ.વ.૪૬, નં. (૨) ઐયુબભાઈ મોહમ્મદ શરીફ કુકડાજીવાલા, ઉ.વ.૪૮,** રહે. બંને. ૭૨૯, ચામડીયાવાસ, ત્રિકમજી મંદીર પાસે, જમાલપુર, અમદાવાદ શહેરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ– ૪૫૨, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબનાં ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીઓએ કરી આપેલ જાત મુચરકા અને જામીનનાએ કરી આપેલ જામીનખત રદ કરવામાં આવતા નથી. પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે, તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે જાત–મુચરકા અને જામીનખત ચાલુ રાખવામાં આવે છે.

સદર હુકમ આજ તારીખ ૧ લી માહે ઓકટોબર સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃ– અમદાવાદ.
તા.૦૧/૧૦/૨૦૨૧.

(સી.જે.પટેલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૧૦૫૬.